# પિસ્તલ લઈને પૂર્વ કર્મચારીના ઘરમાં ઘુસી સુરજ પાંડેએ કરી ધમાલ

## ટેનામેન્ટ સ્કીમ પાડીને ચીટીંગ કર્યાની તાજેતરમાં જ સુરજ પાંડે સામે ફરીયાદ નોંધાઈ હતી : સુરજની ધરપકડ કરી જર્મન ઓટોમેટીક પિસ્તલ પોલીસે જપ્ત કરી

ગાંધીનગર, તા. ૮

ડીઝાયર ઈન્ફ્રાસ્ટ્રક્ટરમાં જનરલ મેનેજર તરીકેની નોકરી છોડી દીધા બાદ તે કર્મચારીના ઘરમાં પિસ્ટલ લઈને પ્રોપરાઈટર તેના માણસો સાથે ઘુસી ગયો હતો અને ગાળાગાળી કરીને ધમાલ મચાવી મુકી હતી. ધમાલ બાદ પિસ્તલ ફેંકીને ભાગી રહેલા પ્રોપરાઈટર સુરજ પાંડેને પકડી ચિલોડા પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે તેની ગાડી, પિસ્ટલ અને ગાડીમાં પડેલા બેઝ બોલ સહીતના હથિયારો જપ્ત કરી ફરાર થઈ ગયેલા તેના માણસોની શોધખોળ શરૂ કરી છે.





મળતી માહિતી મુજબ ડીઝાયર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરતાં શિહોલી ગામના કિરણકુમાર રામલાલ શાહે ત્રણેક દિવસ પહેલા નોકરી છોડી દીધી હતી. ત્રણેક દિવસથી પ્રોપરાઈટર સુરજ ચંદ્રકાન્ત પાંડે તેને ફોન કરીને વાઉચર ઉપર સહીઓ કરવા બોલાવતો હતો પરંતુ નોકરી છોડતા પહેલા તમામ વાઉચર પર સહી કરી દીધી હોવાથી અન્ય કોઈ સહીયો કરવાનું રહેતુ નથી કહીને કિરણકુમાર વળતો જવાબ આપતા હતા. આજે સવારે સુરજ પાંડેના બે માણસો મહેશ રામી અને વિકાસસીંગ કિરણકુમારના ઘરે પહોંચી ગયા હતા અને અને ત્યાં પહોંચી સુરજ પાંડેને ફોન કરતા લોકો ગાડી લઈને ધનંજય પાંડે સાથે તે પણ કિરણકુમારના ઘરે પહોંચી ગયા હતા. તુ મારા ગ્રાહકોને શા માટે એમ કહે છે કે મે ત્યાંથી નોકરી છોડી દીધી છે...? તેમ કહી કોરા કાગળ ઉપર સહી કરી આપવા કહીને સુરજ પાંડેએ તેની પાસેની જર્મન મેઈજડ પિસ્ટલ નીકાળી હતી. ગાળાગાળી કરીને કિરણકુમારની પત્નિને ધક્કો મારી ધમાલ શરૂ કરી દીધી હતી. આસપાસના લોકો ભેગા થઈ જતાં સુરજ અને તેના માણસો ભાગવાનો પ્રયત્ન કરતાં હતા ત્યાં પિસ્તલ પણ પડી ગઈ હતી. પોલીસને ઘટનાની જાણ થતા ચિલોડા પી.આઈ. એન.સી. ભરવાડ તાત્કાલિક તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને સુરજ પાંડેને પકડી પાડ્યો હતો. જ્યારે અન્ય ત્રણ સાગરીતો ભાગી છુટ્યા હતા. સુરજની ગાડી તપાસતા તેમાંથી બેઝ બોલ સ્ટીક, હોકી પણ મળી આવી હતી. પોલીસે ગાડી સહિત હથિયારો અને પિસ્તલ જપ્ત કરી કલમ ૧૧૪, ૪૫૨, ૨૨૩, ૫૧૪, ૫૦૬ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.



ટ્રાફીક જામ - ગાંધીનગરમાં સર્જાતા ટ્રાફીક જામના દશ્યો ક્યારેક જોવા પણ ગમે છે... વિશાળ માર્ગો અને સમાંતર માર્ગોના વિકલ્પો છતાં ગાંધીનગરમાં ટ્રાફીક જામ થાય એવું ન માનવાવાળા વર્ગ માટેની આ તસ્વીર આશ્ચર્ય સર્જે છે... સેક્ટર-૧૧ના વાણિજ્ય સંકુલ પાસે અને સેક્ટર-૧૬ના બેંક રોડ પર ઓફીસ ટાઈમ દરમિયાન ટ્રાફીક જામ થઈ જાય છે... સર્વિસ રોડનો વિકલ્પ હોવા છતાં આ પ્રકારના દશ્યો પ્રસંગોપાત સર્જાય છે... ક્યારેક આડેધડ પાર્કિંગ પણ ટ્રાફીક જામમાં નિમિત્ત બને છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# જનકપુર-નેપાળ-રામકથા ઠગાઈમાં ગાંધીનગરના ૩૦ વડીલો ફસાયા

## લગભગ ૩૦ જેટલા વરિષ્ઠ નાગરિકો ભોગ બન્યા : નાણાં પરત મેળવવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા શુક્રવારે સંકલન બેઠકનું આયોજન

ગાંધીનગર, તા. ૮

નેપાળની ધાર્મિક ટૂરના નામે અમદાવાદના ઠગ પિતા નટુભાઈ પટેલ અને તેના પુત્ર દ્વારા આચરવામાં આવેલ ઠગાઈનો ભોગ ગાંધીનગરની આશરે ૩૦ જેટલી વ્યક્તિઓ પણ બની છે. જનકપુર-નેપાળ રામકથા રદ થતા ભોગ બનેલા ગાંધીનગરના સિનિયર સિટીઝન પ્રવાસીઓના નાણાં પરત મેળવવા બાબતે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાનું આયોજન સારૂ એકસંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક તા. ૧૦મી એપ્રિલ શુક્રવારે સે. ૧૬ના પાટનગર યોજના ભવનની લોનમાં ૧૧ થી ૧૨ના સમયગાળામાં યોજવામાં આવી છે.

અમદાવાદના લોક વિચાર સેવા ટ્રસ્ટ દ્વારા નેપાળના જનકપુર ખાતે રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૫ દિવસના પ્રવાસના માત્ર રૂ. ૮ થી ૧૦ હજારના નજીવા ખર્ચમાં સિનિયર સિટીઝનોને સીતા માતાની જન્મભૂમિ એવા જનકપુર ધામે જાનકી મંદિરમાં રામકથા સંભળાવવા લઈ જવાની લાલચ આપવામાં આવી હતી. આ ઉપરાંત આ પ્રવાસ દરમ્યાન પશુપતિનાથ અને અયોધ્યાના દર્શનનો પણ લાભ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રવાસના આયોજક નટુભાઈ પટેલ અને તેમના પુત્ર દ્વારા સિનિયર સિટીઝનોને સંસ્થા દ્વારા સેવાકાર્યના બહાને આબાદ ફસાવી લાખો રૂપિયા ચાંઉ કરી ગયા છે. વળી, આ માટે સ્વામી વિશ્વંભર ભારતીજી મહારાજના ૮૬મા જન્મ દિનની ઉજવણી જેવા ઉદ્દેશો રજુ કરી તેમજ રેલવેમાં રૂ. ૭૩ લાખની સામે માત્ર રૂ. ૧૨ લાખ ચુકવી ૧૨૦૦ પ્રવાસીઓને ભરમાવી લાખો રૂપિયાનો ચૂનો લગાડ્યો છે. હાલ તો આ બન્ને પિતા-પુત્ર પોલીસના કબ્જામાં છે, પરંતુ ગાંધીનગરના જે સિનિયર સિટીજનોએ પૈસા ગુમાવ્યા છે તેમના નાણાં પરત મેળવવા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં મહેન્દ્ર કે. ચૌહાણ, વિક્રમભાઈ જોષી, પ્રકાશભાઈ મહેતા અને કાંતિભાઈ કડિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જે દિવસે જનકપુર નેપાળ રામકથા માટે ટ્રેન ઉપડવાની હતી તે સમયે ગાંધીનગરના વરીષ્ઠ પ્રવાસીઓ સાબરમતી રેલવે સ્ટેશને પહોંચ્યા ત્યારે ત્યાં આશરે ૪૦૦૦ થી વધુ સિનિયર સિટીજન

# શુભ-લાભ આવાસ યોજનાના મકાનોનો જુલાઈમાં કબજો સોંપી દેવાશે

## પ્રતિક્ષાયાદીના લાભાર્થીઓ માટે પણ ટુંકમાં ડ્રો થશે

ગાંધીનગર, તા. ૮

ગુડા દ્વારા હાથ ધરાયેલ શુભ-લાભ આવાસ યોજનાનું કામ પૂર્ણ થતા હજુ બે મહિનાનો સમય લાગશે. જયારે આવાસ યોજનાના લાભાર્થીઓને આગામી જુલાઈ મહિનામાં આવાસનો કબજો સોંપવામાં આવશે. આ ઉપરાંત પ્રતિક્ષાયાદીમાં મુકાયેલા અરજદારોને અનુલક્ષીને પણ ડ્રો ની પ્રક્રિયા હાથ ધરાશે.

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ૩૬ ચો.મી.ના આવાસો તૈયાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે હાલ આ કામગીરી અંતિમ તબક્કામાં છે. આવાસ યોજના અન્વયે ગત વર્ષે ડ્રો ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ગુડા દ્વારા રાયસણ, અડાલજ અને ચિલોડા વિસ્તારમાં આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. ઓછી આવક ધરાવતા પરિવારોને સાનુકૂળ બજેટમાં માથે પાકી છત મળે તે માટે શુભ-લાભ

# સ્વર્ણિમ પાર્કનો વૉટર-શૉ એક સપ્તાહ બંધ રહેશે

ગાંધીનગર, તા.૮

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં આવતા સહેલાણીઓ માટે હાલ વોટરબોડી આકર્ષણનું કેન્દ્ર બની છે. હાલ વેકેશનના સમયગાળામાં પાર્કમાં સહેલાણીઓની ભીડ વધી રહી છે ત્યારે વોટરબોડીમાં ફાઉન્ટેઈનના શો ના સમયમાં ફેરફાર કરવામાં આવશે. ટુંકમાં વોટરબોડીના શો પણ બે થી વધારી ત્રણ કરી દેવાશે.જયારે આ પૂર્વે વોટરબોડીની સફાઈ પણ શરુ કરી દેવામાં આવી છે.જેથી આજથી ૧૫મી સુધી વોટર શો બંધ રહેશે.

ગાંધીનગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વણિમ પાર્કમાં તંત્ર દ્વારા કરોડોના ખર્ચ વોટર બોડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભવ્ય વોટરબોડીમાં જર્મન ટેકનોલોજીના ફુવારા લગાવવામા આવ્યા છે.ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ આ વોટરબોડીનું ઉદઘાટન કરવામા આવ્યું હતું. હવામા ઉડાન ભરતાં ઉંચા અને રંગબેરંગી ફૂવારાસાથે ઉઠતી મ્યુઝિકની સુરાવલીએ પણ સહેલાણીઓને દંગ કરી દીધા હતા.ફાઉન્ટેઈન શૉ જોવા માટ સહેલાણીઓની ભીડ ઉમટી હતી. સ્વણિમપાર્કમાં આક્રણનું કેન્દ્ર બનેલી વોટરબોડી જોવા માટે અમદાવાદ સહિતના સ્થળોએથી મુલાકાતીઓની ભીડ જામતી હતી.ત્યારબાદ તંત્ર દ્વારાવોટરબોડીના શો નું આયોજન કરવામાં આવ્યુ હતુ જેના અંતે દરરોજ બે શૉ માટે સમય નિયત કરવામા આવ્યો છે.

હાલ સાજે ૭ અને ૮ કલાકે ફાઉન્ટેઈન શો યોજવામા આવે છે.પરંતુ લાબાં સમયના અંતે વોટર બોડીની સફાઈ અનિવાર્યહાવાથી તંત્ર દ્વારા વોટર બોડીની સફાઈ કરવાનું કામ શરુ કરી દેવામાં આવ્યું છે. જેના લીધે એક સપ્તાહ સુધી વોટર બોડી બંધ રહેશે.વેકેશનને ધ્યાને લઈ રજાઓ પહેલા જ વોટર બોડીની સફાઈ કરી દેવામા આવશે.ત્યારબાદ રાબેતા મુજબ શો ચાલુ રહેશે. આ ઉપરાત વેકેશનને ધ્યાને લઈ ફૂવારાના શો વધારવાનુ પણ આયોજન કરવામાં આવ્યું છે.

# ખેડૂતોની વળતરની રકમમાં દોઢ ગણા વધારાને સાર્વત્રિક આવકાર

ગાંધીનગર, તા. ૮

વડાપ્રધાન દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને વળતર આપવાની રકમ દોઢ ગણી કરવાની જાહેરાત કરવામાં આવતા ભારતીય કિસાન સંઘે હર્ષની લાગણી વ્યક્ત કરી છે. ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય મંત્રી અંબુભાઈ પટેલે આ અંગે જણાવ્યા મુજબ વડાપ્રધાન દ્વારા કમૌસમી વરસાદમાં અસરગ્રસ્ત ખેડૂતોને ૩૩ ટકા નુકસાની સુધી વળતર આપવા તથા વળતરની રકમ દોઢ ગણી કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેથી દેશના મોટાભાગના ખેડૂતોને લાભ મળશે. સંઘે ખેડૂતો વતી અભિનંદન પાઠવી કેન્દ્ર સરકારની જાહેરાતનો રાજ્ય સરકાર સમયસર અમલ કરે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

# ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે ભાગ્યેશ જહાએ કાર્યભાર સંભાળ્યો

## કવિ ભાગ્યેશ જહાની નિમણૂંકને સાહિત્યકારોએ આવકારી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાત્યિ અકાદમીના અધ્યક્ષ તરીકે નિવૃત્ત સનદી અધિકારી અને સાહિત્યકાર ભાગ્યેશ જહાની નિમણૂંક કરવામાં આવી છે. તેમણે આજે વિધિવત પદભાર સંભાળી લીધો હતો. આ તબક્કે સાહિત્યકારો અને નગરના અગ્રણીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી.



યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવપદેથી નિવૃત્ત થયા બાદ નિયત સનદી અધિકારી ભાગ્યેશ જહાની સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. કવિ હૃદય ધરાવતા સાહિત્યકાર ભાગ્યેશ જહાની બે વર્ષ માટે અકાદમીના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આજે તેમણે અધ્યક્ષનો પદભાર સંભાળતા જાણીતા કવિઓ અને સાહિત્યકારોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગુનેગારોને સાયલન્ટ કરવા પ્રજાએ પણ એલર્ટ થવુ જરૂરી..!

## સતર્કતાના કેટલાક જરૂરી મુદ્દાઓ દર્શાવતા પેમ્ફલેટ્સનું વિતરણ પોલીસ કરાવશે : સહકાર આપવા ડીએસપીની નગરજનોને અપીલ

ગાંધીનગર, તા. ૮

મોટાભાગના ગુનાઓ એવા છે કે જે વ્યક્તિ સતર્ક અને સાવધાન રહે તો તે ગુનાને અંજામ આપવો અશક્ય છે. જેમ કે ઠગાઈ કરવા માટેના કેટલાક મોડ્સ ઓપરેન્ડી...!



પોલીસની ઓળખ આપીને કહે કે આગળ હત્યા.. અકસ્માત... તોફાન થયુ છે તમારા દાગીના કાઢીને ખિસ્સામાં મુકી દો...! ત્યાર બાદ નજર ચુકવીને દાગીના ગાયબ કરી દેવાય. તે ઉપરાંત બહારગામ જતી વખતે દાગીના લોકરમાં મુકવા અને સ્થાનિક પોલીસને જાણ કરવી, ઘરઘાટીને કામે રાખતા પહેલા તેની સંપૂર્ણ ડીટેઈલ મેળવી લેવી... આ સહિતના કેટલાય એવા મુદ્દા છે. જે બાબતે નગરજનો સતર્કતા દાખવે તો ગુનેગારને પણ તે ગુનો કરતા પરસેવો છુટી જાય..! ગુનેગારોને સાયલન્ટ

● અનુસંધાન પાન-૭ પર

### સતર્ક રહો... સાવધાન રહો

૧ બહારગામ જવાનું થાય તો તમામ દાગીના, રોકડ રકમ લોકરમાં રાખીને જાવ. આપના વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપના બંધ મકાન અંગે અવશ્ય જાણ કરો. આપની સોસાયટી કે ફ્લેટના વોચમેનને અવશ્ય જણાવો કે દર કલાકે તમારૂ બંધ મકાન માત્ર મુખ્ય દરવાજાથી નહીં પરંતુ ચારે બાજુથી ચેક કરતા રહે કારણ કે ચોર મુખ્ય દરવાજાથી નહીં પણ બારીની ગ્રીલ તોડીને પણ અંદર પ્રવેશ કરી શકે છે.

૨ આપના ઘરે કામ કરવા આવતા કામવાળાના ફોટા તથા એડ્રેસ અન્ય વિગત વેરીફાય કર્યા બાદ જ કામ કરવા માટે રાખો. સોસાયટી કે ફ્લેટમાં વોચમેન તરીકે જાણીતી એજન્સી દ્વારા જ વોચમેન રાખવા આગ્રહ રાખવો.

૩ બેંકમાંથી મોટી રકમ કે લોકરમાં દાગીના લેવા કે મુકવા જતી વખતે મજબુત બેગ લઈને પુરી સતર્કતા સાથે વાહન લઈને જવું. રસ્તામાં પાનની દુકાન કે ચાની કીટલી પર ઉભા રહેવાનું ટાળો. તમારા પૈસા પડી ગયા છે અથવા તમારા વાહનમાં પંચર લાગે છે આવુ કહેનાર વ્યક્તિનો ભરોસો કરી વાહનમાંથી ઉતરવુ નહિ. જેથી ચીલ ઝડપથી બચી શકાય અને આપણી મિલકત ચોરાતી બચાવી શકાય.

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ઉપરોક્ત સંસ્થાના ડેરી તેમજ તેના સંલગ્ન પ્લાન્ટમાં નવું બિલ્ડીંગ, ગોડાઉન, પ્લાન્ટમાં મોડીફીકેશન વિગેરેની સિવિલ તેમજ ઈન્ટીરીયર કામગીરી માટે આર્કિટેકની જરૂરિયાત હોઈ, રસ ધરાવતી પાર્ટીને સીલબંધ કવરમાં તેમની ટમ્સ અને કન્ડીશન સાથે તા. ૧૮/૪/૨૦૧૫ સુધીમાં ઓફીસ સમય દરમિયાન રૂબરૂમાં ઉપરોક્ત સ્થળે સીલબંધ કવરમાં ઓફર પહોંચાડવાની રહેશે. ત્યારબાદ આવેલ ભાવ કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહિ. ભાવ સ્વીકારવા કે ન સ્વીકારવાનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ**
બ્લોક નં. ૬, ૪થો માળ, ઉદ્યોગ ભવન, "ઘ" રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર.
GUDC
**ટૂંકી જાહેર નિવિદા**
ઝેરોક્ષ, પ્રિન્ટીંગ/બાઈન્ડીંગ/લેમિનેશન/સ્કેનીંગ/સ્ટેમ્પીંગ (રબર/ઓટોઈન્ક)/સીડી-ડીવીડી રાઈટ્સની કામગીરી માટેના વાર્ષિક ભાવદર નક્કી કરવાના હોઈ, રસ ધરાવતી ગાંધીનગર સ્થિત સંસ્થાઓએ રૂ. ૧૦૦/- ની નોન-રીફંડેબલ ફી રોકડેથી ચુકવીને કોરા ભાવપત્રક તા. ૧૩/૦૪/૨૦૧૫ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએથી મેળવી લેવા અને ભાવ ભરેલા ભાવપત્રકો જે તે એજન્સી/પ્રોપરાઈટરના પાનકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે તા. ૨૩/૦૪/૨૦૧૫ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળે તે રીતે રજી. પોસ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહિ. (કવર ઉપર "ઝેરોક્ષ/પ્રિન્ટીંગ કામનું ભાવપત્રક" ફરજીયાત દર્શાવવાનું રહેશે.)
વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



**શિવાલય**
ફાર્મ & પાર્ટી પ્લોટ
- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અધતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com